# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902. Email - *suratdeo@gmail.com*. Web – *deosurat.org***


જા.નં.- રાષ્ટ્રીય એકતા દિવસ /બેન્ડ સ્પર્ધા/૨૦૨૬/ 10446 તા.- ૦૧/૦૮/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

બેન્ડ ધરાવતી તમામ પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,

જિ.- સુરત.

**વિષય: રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬ નિમિત્તે યોજાનાર સ્કૂલ બેન્ડ સ્પર્ધાનાં આયોજન માટે રજીસ્ટ્રેશન કરાવવા બાબત.**

સંદર્ભ: પોલીસ મહાનિરીક્ષકની કચેરી, સુરત વિભાગ, સુરતનો પત્ર ક્રમાંક : એ/સ્કૂલ બેન્ડ સ્પર્ધા/ ૨૧૮૫/૨૦૨૬ તા.- ૦૧/૦૮/૨૦૨૬

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય એકતા દિવસ–2026 નિમિત્તે સ્કૂલ બેન્ડ સ્પર્ધાનું આયોજન થનાર છે. જેમાં રેંજ કક્ષાની સ્પર્ધા **૧૫મી ઓગસ્ટ પછી** યોજાનાર છે. (જેની સત્તાવાર તારીખની જાહેરાત ભાગ લેનાર શાળાઓને પછીથી વ્યક્તિગત આપવામાં આવશે.) આ સંદર્ભે આપની શાળામાં **Brass Band / Pipe Band** ઉપલબ્ધ હોય તો આપની શાળાના ભાગ લેનાર વિદ્યાર્થીઓની વિગતો નિયત નમૂનામાં (પત્રક-૧) તૈયાર કરી આ કચેરી ખાતે તા.-૦૭/૦૮/૨૦૨૬ સુધીમાં ફરજિયાત મોકલી આપશો. તેમજ તેની સોફ્ટ કોપી નિયત નમુનામાં (પત્રક-૧) **deosurat5@gmail.com** પર મેઈલ કરી આપવાનો રહેશે. નિયત સમયમર્યાદામાં માહિતી મોકલી આપવી, જેથી આગળની કાર્યવાહી સમયસર હાથ ધરી શકાય.

આ સ્પર્ધા માટે સહનોડલ ડી.સી.ઉકાણીનો ૯૭૨૨૦૮૩૧૫૧ પર સંપર્ક કરવો.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.- સુરત

બિડાણ:

૧. પોલીસ મહાનિરીક્ષકની કચેરી, સુરત વિભાગ, સુરતનો પત્ર.

૨. સ્પર્ધાની વિગત તથા માર્ગદર્શિકા

નકલ રવાના : પોલીસ મહાનિરીક્ષકની કચેરી, સુરત વિભાગ, સુરત

Scanned with OKEN Scanner

**પોલીસ મહાનિરીક્ષકની કચેરી, સુરત વિભાગ,સુરત.**
**સુરત શહેર પોલીસ હેડ ક્વાટર્સ પાસે અઠવાલાઈન્સ સુરત.**
**ફોન નં-૦૨૬૧-૨૯૭૮૬૬૬ફેક્સ, ૨૬૧-૨૬૫૫૩૯**
**E-mail- compcell-igp-sur@gujarat.gov.in**

ક્રમાંક: એ/સ્કુલ બેન્ડ સ્પર્ધા /૨૨૮૪/૨૦૨૬
તા.૦૧/૦૮/૨૦૨૬

**પ્રતિ,**

(૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, એડમન, સુરત શહેર
(૨) પોલીસ અધિક્ષક શ્રી, સુરત ગ્રામ્ય
(૩) પોલીસ અધિક્ષક શ્રી, નવસારી
(૪) પોલીસ અધિક્ષક શ્રી, વલસાડ
(૫) પોલીસ અધિક્ષક શ્રી, તાપી –વ્યારા
(૬) પોલીસ અધિક્ષક શ્રી, ડાંગ – આહવા
(૭) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, સુરત
(૮) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, નવસારી
(૯) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, વલસાડ
(૧૦) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, તાપી –વ્યારા
(૧૧) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, ડાંગ – આહવા

**વિષય:–** રાષ્ટ્રીય એકતા દિવસ–૨૦૨૬ ના કાર્યક્રમ માટે વિવિધ શાળા બેન્ડની સ્પર્ધા યોજી શાળા બેન્ડ પસંદ કરવા બાબત.

**સંદર્ભ :-** (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.,ગાંધીનગર નાઓની કચેરીનાં ક્રમાંક: SMC/રાષ્ટ્રીય એકતા પરેડ–૨૦૨૬ /૩૭૫૬/૨૦૨૬ , તા.૨૪/૦૭/૨૦૨૬ તથા
(૨) ક્રમાંક: SMC/રાષ્ટ્રીય એકતા પરેડ–૨૦૨૬/૩૭૬૦/૨૦૨૬ , તા.૨૪/૭/૨૦૨૬

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, દર વર્ષની જેમ તા.૩૧/૧૦/૨૦૨૬ ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનીટી, કેવડીયા ખાતે યોજાનાર રાષ્ટ્રીય એકતા દિવસ–૨૦૨૬ ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમાં રાજયકક્ષાની પ્રતિયોગિતામાં વિજેતા થનાર Brass Band (૧ કુમાર અને ૧ કન્યા) તેમજ Pipe Band (૧ કુમાર અને ૧ કન્યા) એમ કુલ–૪ વિજેતા School Band ની પસંદગી કરવામાં આવનાર છે.

જે અંતર્ગત દક્ષિણ ગુજરાતની રેન્જ કક્ષાની School Band પ્રતિયોગિતાનું આયોજન આગામી તા.૧૫/૦૮/૨૦૨૬ બાદ કરવાનું નકકી કરવામાં આવેલ છે. જેમાં દક્ષિણ ગુજરાતના પાંચ જીલ્લાઓ તથા સુરત શહેરની શાળાઓની School Band પૈકી ઉપરોક્ત પ્રતિયોગીતામાં ભાગ લેવા ઇચ્છા ધરાવતા હોય તેવી શાળાઓની માહીતી એકત્રીત કરી નીચે સામેલ પત્રક–૧ તથા પત્રક–૨ મુજબ અત્રેની

કચેરીએ દિન -૦૫ માં હાર્ડ કોપી તથા સોફ્ટ કોપી અત્રેની કચેરીના ઇ-મેઇલ આઇ.ડી. compcell-igp-sur@gujarat.gov.in ખાતે મોકલી આપવા વિનંતી છે. જો માહિતી "નીલ" હોય તો નીલ માહિતી પણ મોકલી આપવા વિનંતી છે.

જે આપશ્રીને વિદિત થાય.

**પત્રક- ૧**

| Sr. no. | Name of School Participated in Range Level Compition | District | Strength | Type of Band (Brass/Pipe) | Boys/Girls | School Nodal Officer |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**પત્રક- ૨**

| અ.નં. | શાળાનું નામ અને સરનામું | ભાગ લેનાર વિદ્યાર્થીઓના નામ | શાખાના નોડલ અધિકારીશ્રીનું નામ અને મોબાઇલ નંબર |
|---|---|---|---|
| | | | |

રાજ્ય કક્ષાની બેન્ડ સ્પર્ધાના આયોજન માટેની માર્ગદર્શક સુચનાઓ/માર્ગદર્શિકા આ સાથે સામેલ છે. જે માર્ગદર્શક સુચનાઓ/માર્ગદર્શિકા સ્પર્ધામાં ભાગ લેનાર તમામ શાળાઓને મોકલી આપી સુચનાઓ મુજબ સ્કુલ બેન્ડ તૈયાર કરી સ્પર્ધામાં ભાગ લેવા આવે તે રીતેની સમજ કરવા વિનંતી છે.

**" પોલીસ મહાનિરીક્ષકશ્રી નાઓની સુચનાથી "**
બિડાણ :- સંદર્ભિત પત્રો તથા માર્ગદશિકા

**(એ.એમ.પરમાર)**
**નાયબ પોલીસ અધિક્ષક**
**અને સ્ટાફ ઓફિસર**
**પોલીસ મહાનિરીક્ષકશ્રી ની કચેરી**
**સુરત વિભાગ, સુરત**
**મો.નં.૮૯૮૦૦ ૪૭૩૦૦**

**સવિનય નકલ રવાના :-** પોલીસ કમિશ્નર શ્રી, સુરત શહેર
**નકલ રવાનાઃ-** નાયબ પોલીસ અધિક્ષકશ્રી મુખ્ય મથક, સુરત ગ્રામ્ય,સુરત.
અંગત મદદનીશ (અત્રેની કચેરી)

પ્રેસ મેમો


પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
સ્ટેટ મોનીટરીંગ સેલ
PHDC બિલ્ડીંગ, પોલીસ ભવન, સેક્ટર૧૮-, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-Mail ID: - dgp-vig-sqd@gujarat.gov.in
Tel (O) 079-23254288


ક્રમાંક:-SMC/રાષ્ટ્રીય એકતા પરેડ-૨૦૨૬/ /૨૦૨૬ તા: /૦૭/૨૦૨૬

**વિષય:** **''રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬''** ના કાર્યક્રમ માટે વિવિધ શાળા બેન્ડની સ્પર્ધા યોજી બે શાળા બેન્ડ પસંદ કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, દર વર્ષની જેમ તા.૩૧/૧૦/૨૦૨૬ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે યોજાનાર રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના આયોજન સંદર્ભે ગૃહ મંત્રાલય, ભારત સરકાર દ્વારા આપેલ સૂચના મુજબ ગત વર્ષની જેમ બે શાળા બેન્ડની પસંદગી કરવા અંગે સૂચના થયેલ છે.

૨. ઉપરોકત બાબતે તમામ રેન્જ વડાશ્રીઓએ તેઓના રેન્જ અંતર્ગત આવતા તમામ જિલ્લાઓ અને સંબધિત પોલીસ કમિશનરેટના જિલ્લા શિક્ષણાધિકારીઓ સાથે જરૂરી સંકલનમાં રહી, જે શાળાઓમાં School Band કાર્યરત છે તે શાળાઓમાંથી નામાંકન મેળવી, રેન્જ કક્ષાએ સ્પર્ધાનું આયોજન કરી અમદાવાદ શહેર ખાતે આયોજન કરવામાં આવનાર રાજય કક્ષાની પ્રતિયોગિતા માટે Brass Band (૧-કુમાર અને ૧-કન્યા) તેમજ Pipe Band (૧-કુમાર અને ૧-કન્યા) એમ કુલ-૪ વિજેતા School Bandsને પસંદ કરવા અંગેની કાર્યવાહી કરવા વિનંતી છે. સ્પર્ધામાં વિજેતા થયેલ School Bandsને યોગ્ય ઇનામ આપી પ્રોત્સાહિત કરવા અને સમગ્ર પ્રક્રિયા દરમ્યાન print/electronic/ સોશ્યલ મીડિયા ઉપર બહોળી પ્રસિદ્ધી આપવા વિનંતી છે.

૩. રેન્જ કક્ષાની School Band પ્રતિયોગિતા તા.૨૦/૦૮/૨૦૨૬ સુધી પૂર્ણ કરવની રહેશે અને પસંદગી પામેલ School Bandsની વિગત આ સાથે સામેલ પત્રકો મુજબ તૈયાર કરી તા.૨૧/૦૮/૨૦૨૬ના કલાક:૧૧-૦૦ સુધી E-mail: dgp-vig-sqd@gujarat.gov.in ઉપર મળી રહે તે રીતે મોકલી આપવા વિનંતી છે. રેન્જ સ્તરે પસંદગી પામેલ School Bands માટેની રાજય કક્ષાની સ્પર્ધાનું આયોજન અમદાવાદ ખાતે રાખવામાં આવશે અને તે અંગેની જાણ બાદમાં કરવામાં આવશે.

ક્રમ નં. ...શાખા...
24 JUL 2026
કંટ્રોલ ઇન્ચાર્જ

DySP
PI. organise it
29/7/26

૪. ઉપરોક્ત બાબતે સંકલન કરવા શ્રી વિજયસિંહ પરમાર, મદદનીશ સેનાપતિ, SRPF, Group-2, અમદાવાદ (Mob. No. 9824974954) નાઓને Nodal Officer તરીકે નિમવામાં આવેલ છે.

(વિશાલકુમાર વાઘેલા)
નાયબ પોલીસ મહાનિરીક્ષક
સ્ટેટ મોનીટરીંગ સેલ, ગ.રા., ગાંધીનગર
અને નોડલ ઓફિસર, RED-2026

પ્રતિ
તમામ રેન્જ વડાશ્રીઓ.

નકલ સવિનય રવાના :
પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય.
અગ્ર સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર.
સચિવશ્રી, ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

નકલ રવાના :
તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ.
તમામ જિલ્લા પોલીસ અધીક્ષકશ્રીઓ.
સેનાપતિશ્રી, રા.અ.પો. દળ, જૂથ-૦૨, અમદાવાદ.
શ્રી વિજયસિંહ પરમાર, મદદનીશ સેનાપતિ, SRPF, Group-2, અમદાવાદ.

## પત્રક-૧

રેન્જ કક્ષાએ **School Band Competition** માં ભાગ લીધેલ શાળાઓની વિગત:

| Sr. No. | Name of School Participated in Range level Competition | District | Strength | Type of Band (Brass/Pipe) | Boys/Girls | School Nodal Officer |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

## પત્રક-૨

**Brass Band** માં પ્રથમ સ્થાન મેળવેલ ટીમની વિગત

| અ.નં. | શાળાનું નામ અને સરનામુ | ભાગ લેનાર વિદ્યાર્થીઓના નામ | શાળાના નોડલ અધિકારીશ્રીનું નામ અને Mob. No. |
|---|---|---|---|
| | | | |

## પત્રક-૩

**Pipe Band** માં પ્રથમ સ્થાન મેળવેલ ટીમની વિગત

| અ.નં. | શાળાનું નામ અને સરનામુ | ભાગ લેનાર વિદ્યાર્થીઓના નામ | શાળાના નોડલ અધિકારીશ્રીનું નામ અને Mob. No. |
|---|---|---|---|
| | | | |

પ્રેસ નોટ ૩ આરા ૨


પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
સ્ટેટ મોનીટરીંગ સેલ
PHDC બિલ્ડીંગ, પોલીસ ભવન, સેક્ટર૧૮-, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-Mail ID: - dgp-vig-sqd@gujarat.gov.in
Tel (O) 079-23254288


ક્રમાંક:-SMC/રાષ્ટ્રીય એકતા પરેડ-૨૦૨૬/૩૯૫૦/૨૦૨૬ તા: ૨૪/૦૭/૨૦૨૬

**પ્રતિ,**
અગ્ર સચિવશ્રી,
પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ,
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર,
ગાંધીનગર

**વિષય:** **"રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬"** ના કાર્યક્રમ માટે વિવિધ શાળા બેન્ડની સ્પર્ધા યોજી બે શાળા બેન્ડ પસંદ કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, દર વર્ષની જેમ તા.૩૧/૧૦/૨૦૨૬ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે યોજાનાર રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬ ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના આયોજન સંદર્ભે ગૃહ મંત્રાલય, ભારત સરકાર ધ્વારા આપેલ સૂચના મુજબ ગત વર્ષની જેમ બે શાળા બેન્ડની પસંદગી કરવાની રહે છે.

**૨.** ઉપરોક્ત બાબતે તમામ રેન્જ વડાશ્રીઓને તેઓના રેન્જ અંતર્ગત આવતા તમામ જિલ્લાઓ અને સંબધિત પોલીસ કમિશનરેટમાં જિલ્લા શિક્ષણાધિકારીઓ સાથે જરૂરી સંકલનમાં રહી, જે શાળાઓમાં School Band કાર્યરત છે તેવા શાળાઓમાંથી નામાંકન મેળવી, રેન્જ કક્ષાએ સ્પર્ધાના આયોજન કરી, રાજય કક્ષાની પ્રતિયોગિતા માટે Brass Band (૧-કુમાર અને ૧-કન્યા) તેમજ Pipe Band (૧-કુમાર અને ૧-કન્યા) એમ કુલ-૪ વિજેતા School Bandsને પસંદ કરવા અંગેની કાર્યવાહી તા.૨૦/૦૮/૨૦૨૬ સુધી પૂર્ણ કરવા સૂચના આંપવામાં આવેલ છે. રેન્જ સ્તરે પસંદગી પામેલ શાળા બેન્ડ ટીમોની રાજય કક્ષાની સ્પર્ધાનું આયોજન અમદાવાદ ખાતે રાખવામાં આવનાર છે.

**૩.** રેન્જ વડાશ્રીઓ દ્ધારા રેન્જમાં આવેલ જિલ્લાઓની School Bands સ્પર્ધાનું આયોજન કરવામાં આવે ત્યારે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્ધારા જે શાળાઓમાં વિધાર્થીઓનું બેન્ડ ઉપલબ્ધ હોય તેની માહિતી

ઉપલબ્ધ કરાવવા બાબતે તેમજ આ સ્પર્ધાનું સુચારૂ રૂપથી આયોજન થાય તે સારૂ જરૂરી સંકલન બાબતે આપશ્રીના સ્તરેથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જરૂરી સુચના આપવા વિનંતી છે.

૪. ઉપરોકત બાબતે સંકલન કરવા શ્રી વિજયસિંહ પરમાર, મદદનીશ સેનાપતિ, SRPF, Group-2, અમદાવાદ (Mob. No. 9824974954) નાઓને Nodal Officer તરીકે નિમવામાં આવેલ છે.

(વિશાલકુમાર વાઘેલા)
નાયબ પોલીસ મહાનિરીક્ષક
સ્ટેટ મોનીટરીંગ સેલ, ગુ.રા., ગાંધીનગર
અને નોડલ ઓફિસર, RED-2026

**નકલ સવિનય રવાના :**
અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર.
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, સ્ટેટ પ્રોજેકટ ઓફીસ, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

**નકલ રવાના :**
તમામ રેન્જ વડાશ્રીઓ.
સેનાપતિશ્રી, રા.અ.પો. દળ, જૂથ-૦૨, અમદાવાદ.
શ્રી વિજયસિંહ પરમાર, મદદનીશ સેનાપતિ, SRPF, Group-2, અમદાવાદ.

## એનેક્ષર–૧

## ઝોનકક્ષા અને રાજયકક્ષાની બેન્ડ સ્પર્ધાના આયોજન માટેની માર્ગદર્શક સૂચનાઓ/માર્ગદર્શિકા

### રેન્જ/ઝોનકક્ષા અને રાજયકક્ષાની બેન્ડ સ્પર્ધાનું સંભવિત આયોજન :

(૧) રેન્જ/ઝોનકક્ષાની બેન્ડ સ્પર્ધાનું આયોજન :
સંભવિત તારીખ : ૦૫/૧૦/૨૦૨૪, શનિવાર
(અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, જુનાગઢ, રાજકોટ, કચ્છ–ભૂજ, ભાવનગર, પંચમહાલ રેન્જ/ઝોનના જિલ્લા કક્ષાએ)

રાજય કક્ષાની બેન્ડ સ્પર્ધાનું આયોજન :
સંભવિત તારીખ : તા.૧૮/૧૦/૨૦૨૪ અથવા પોલીસ વિભાગ ધ્વારા નકકી થાય તે તારીખ
(અમદાવાદ કોર્પોરેશન કક્ષાએ)

(૨) સ્પર્ધાની વિગત :

- છોકરા અને છોકરીઓ માટે અલગ સ્પર્ધા યોજાશે.
- રેન્જ/ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ ટીમો પૈકી રેન્જ/ઝોનદીઠ પ્રથમ ક્રમે વિજેતા ૪–ટીમ(બ્રાસ બેન્ડ કન્યા–૧ ટીમ, પાઈપ બેન્ડ કન્યા–૧ ટીમ, બ્રાસ બેન્ડ કુમાર–૧ ટીમ, પાઈપ બેન્ડ કુમાર–૧ ટીમ) આમ કુલ ૯ રેન્જ/ઝોનમાંથી ૪ ટીમ મુજબ મહત્તમ ૪ ટીમ રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.
- રાજય કક્ષાની સ્પર્ધાનું આયોજન પોલીસ વિભાગ, ગુજરાત રાજયના સંકલનમાં રાજય કક્ષાએથી થશે. જો પોલીસ વિભાગ, ગુજરાત રાજય તરફથી કોઈ સૂચના કે પત્ર ન મળે તો, અત્રેની કચેરી ધ્વારા સ્વતંત્ર રીતે સ્ટેટ લેવલની સ્કુલ બેન્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.
- પોલીસ વિભાગ ધ્વારા સૂચના/પત્ર મળે તો તે મુજબ સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે ૩૧ ઓકટોબરના રોજ યોજાનાર "રાષ્ટ્રીય એકતા દિવસ" કાર્યક્રમમાં, રાજય કક્ષાની બેન્ડ સ્પર્ધાના પ્રથમ ક્રમે વિજેતા ૪–ટીમ(બ્રાસ બેન્ડ કન્યા–૧ ટીમ, પાઈપ બેન્ડ કન્યા–૧ ટીમ, બ્રાસ બેન્ડ કુમાર–૧ ટીમ, પાઈપ બેન્ડ કુમાર–૧ ટીમ)નું પરર્ફોમન્સ કરાવવાનું સંભવિત આયોજન છે,તેમછતાં પોલીસ વિભાગ ધ્વારા અન્ય કોઈ સૂચના મળે તો તે મુજબ 'એકતા પરેડ' માટે ટીમોને મોકલવામાં આવશે.

(૩) રજીસ્ટ્રેશન :

(૧) આ સ્પર્ધામાં ભાગ લેવા માટે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓને મોકલીને શાળાઓ તથા કેજીબીવી અને મોડેલ સ્કુલ, મોડેલ ડે સ્કુલ તથા જિલ્લાની CBSE, ICSE, KVS, NVS, PM-SHRI and Sainik school વગેરે શાળાઓને જાણ કરવી. કેજીબીવી સહિત તમામ શાળાઓમાં ધો.૯ થી ધો.૧૨ની શાળાઓના બાળકો આવે તે મુજબની તકેદારી રાખવી.

(૨) અત્રેથી મોકલેલ માર્ગદર્શિકાની સુચનાઓનો અભ્યાસ કરીને રેન્જ/ઝોન કક્ષાની સ્પર્ધામાં રજીસ્ટ્રેશન (નોંધણી) માટે જે તે શાળાના આચાર્યોએ પોતાના જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારી(ડીઈઓ)કચેરીના ઈમેઈલ પર એનેક્ષર–(૧) મુજબના ફોર્મ ભરીને તા.૨૪/૦૯/૨૦૨૪, મંગળવાર સુધીમાં મંગાવવી.

(૩) ઉકત એન્ટ્રીના એનેક્ષર–(૧)ની સાથે એનેક્ષર–(૨)પણ મોકલવું જેમાં બેન્ડ કોમ્પીટીશનમાં ભાગ લેનાર સહભાગીઓ અને એસ્કોર્ટની વિગતોની યાદી મંગાવવી.જેમાં સહભાગીઓ તથા એસ્કોર્ટના નામ પુરેપુરા લખવા નામ સંક્ષિપ્તમાં લખવા નહી.

(૪) સમયમર્યાદામાં મળેલ એન્ટ્રી/શાળાની ચકાસણી ગાઈડલાઈનની વિગતો આધારે કરીને, માન્ય એન્ટ્રીઓ ઝોનકક્ષાના જિલ્લાને તા.૨૭/૦૯/૨૦૨૪, શુક્રવાર સુધી ઈમેઈલથી મોકલાવવી.

(૫) સ્પર્ધામાં ભાગ લેવા માટે માન્ય થયેલ એન્ટ્રીની શાળાને તા.૩૦/૦૯/૨૦૨૪, સોમવાર સુધીમાં જાણ કરીને રેન્જ/ઝોન કક્ષાની બેન્ડ કોમ્પીટીશનમાં તેમની શાળાની ટીમને તારીખ : ૦૫/૧૦/૨૦૨૪, શનિવારના રોજ ઉપસ્થિત રાખવા જાણ કરવી.

(૬) [illegible] રેન્જ/ઝોનના સમાવિષ્ટ જિલ્લામાંથી કુલ ૨૦ કરતાં વધુ ટીમ નકકી થાય તો તેવા સંજોગોમાં કન્યા અને કુમાર ટીમ અથવા બ્રાસ બેન્ડ અને પાઈપ બેન્ડ ટીમ મુજબ ચકાસણીને આધારે ૨ દિવસ માટે [illegible] કરી શકાશે

(૧)

રાજય સ્તરે :

રાજય સ્તરની સ્પર્ધા માટે રાજયએ એન્ટ્રીને ન્યાય માટે રાશસ્ત્ર દળો, રીઆરપીએફ, રાજય સશસ્ત્ર પોલીસ વગેરે અધિકારીઓની સ્વતંત્ર નિર્ણાયક ટીમની વ્યવસ્થા કરવી. આ માટે પોલીસ વિભાગ, ગુજરાત રાજયના સંબંધિત વડાના સંકલન અને માર્ગદર્શન લેવું.

સ્પર્ધાના તમામ સ્તરે તટસ્થ અને મેરીટ આધારિત નિર્ણયને નિશ્ચિત કરવા માટે યોગ્યતાના ઉચ્ચ ધોરણો જાળવવામાં આવે.

(૧૪) પ્રદર્શન દરમ્યાન જુદી જુદી વસ્તુઓ જોવી(નિર્ણાયક ટીમ/જરૂરી સભ્યો ધ્વારા) :

પ્રદર્શન દરમ્યાન જુદી જુદી વસ્તુઓ નિર્ણાયક ટીમ/જુરીના સભ્યો ધ્વારા જોવામાં આવશે.

(૧) બેન્ડ માસ્ટર / મેજર અને કન્ટીજન્ટન્ટ (બેન્ડ જુથના સભ્યો)
(બોડી લેંગ્વેજ, કોસ્ચ્યુમ, યુનિફોર્મ, હેર સ્ટાઈલ, બેન્ડ ઇન્સ્ટ્રુમેન્ટનું સજાવટ/સુશોભન)
(૨) લય/રીધમ, સંગીત અને મુવમેન્ટ(હલનચલન)વગાડવા
(૩) સ્ટેમ્પીગ એન્ડ હેન્ડ સ્વીગ ધ્વારા માર્ચ
(૪) સ્ટેમ્પીગ એન્ડ હેન્ડ સ્વીગ ધ્વારા એન્ટ્રી
(૫) પ્રદર્શન ક્ષેત્રમાં સ્ટેમ્પીગની ચોકસાઈ
(૬) રચનાઓ (૭) પ્રસ્તુતિ (૮) સમયમર્યાદા

* પ્રદર્શનનું ક્ષેત્ર કદ ઓછામાં ઓછું 40X60 ફુટ હોવું જોઈએ.

(૧૫) મૂલ્યાંકન અને માપદંડ :

રેન્જ/ઝોન તથા રાજય સ્તરની સ્પર્ધામાં નીચે મુજબના માપદંડો આધારે મુલ્યાંકન કરવામાં આવશે.

માર્કીંગ :

| ક્રમ નંબર | વિગત | માર્કસ/ ગુણ |
|---|---|---|
| ૧ | પહેરવેશ (ડ્રેસ)અને સાધનો(ઈન્સ્ટ્રુમેન્ટ) | ૧૫ ગુણ |
| ૨ | માર્ચ<br>(એ) ઝડપી માર્ચ–૧૫ ગુણ<br>(બી) ધીમી માર્ચ– ૫ ગુણ<br>એ + બી = ૨૦ ગુણ | ૨૦ ગુણ |
| ૩ | રચનાઓ / બનાવટ | ૨૦ ગુણ |
| ૪ | રમતના ધોરણો (ધૂન ગુણવત્તા) | ૨૦ ગુણ |
| ૫ | રજૂઆત/પ્રસ્તુતિ(પ્રેઝન્ટેશન) | ૧૫ ગુણ |
| ૬ | પ્રદર્શનની સમયસર સમાપ્તિ પૂર્ણતા | ૧૦ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

(૧૬) એવોર્ડ/પુરસ્કાર :

રેન્જ/ઝોનકક્ષા :

રેન્જ/ઝોનકક્ષા સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા ટીમો(છોકરાઓ અને છોકરીઓની શ્રેણીમાંથી)ને, રેન્જ/ઝોનકક્ષા સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા ટીમને પાર્ટી સીપેટીગ સર્ટીફીકેટ એટલે કે દરેક પ્રમાણપત્ર અને ટ્રોફી/શીલ્ડ આપવુ તથા ભાગ લેનાર ટીમને પાર્ટી સીપેટીગ સર્ટીફીકેટ એટલે કે દરેક વિદ્યાર્થીને સર્ટીફીકેટ આપવું.

રાજયકક્ષા :

રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા ટીમો(છોકરાઓ અને છોકરીઓની શ્રેણીમાંથી)ને, પ્રમાણપત્ર અને ટ્રોફી/શીલ્ડ આપવુ તથા ભાગ લેનાર ટીમને પાર્ટી સીપેટીગ સર્ટીફીકેટ એટલે કે દરેક વિદ્યાર્થીને સર્ટીફીકેટ આપવું.

રોકડ પુરસ્કાર માટે શિક્ષણ વિભાગ અને પોલીસ વિભાગે પરસ્પર પરામર્શન અને સંકલનથી નક્કી કરવું. જો રોકડ પુરસ્કાર આપવાનું નક્કી થાય તો તે રોકડ પુરસ્કાર શાળા ટીમને આપવામાં આવશે વ્યક્તિઓને નહી. શાળાઓ સ્કૂલ બેન્ડ વર્ક હેતુ માટે એટલે કે સ્કૂલ બેન્ડ ઇન્સ્ટ્રુમેન્ટ, બેન્ડ એસેસરીઝ, બેન્ડ ઇન્સ્ટ્રુમેન્ટનું સમારકામ અથવા બેન્ડ સાથે સંબંધિત કોઈપણ વસ્તુ માટે પુરસ્કારનો ઉપયોગ કરવો પડશે.

(૪) વિજેતાઓની એન્ટ્રી :

રાજય કક્ષાની સ્પર્ધા :

- રેન્જ/ઝોનકક્ષાની સ્પર્ધાના વિજેતાઓની યાદી પ્રથમ ક્રમે વિજેતા ૪–ટીમ(બ્રાસ બેન્ડ કન્યા–૧ ટીમ, પાઈપ બેન્ડ કન્યા–૧ ટીમ, બ્રાસ બેન્ડ કુમાર–૧ ટીમ, પાઈપ બેન્ડ કુમાર–૧ ટીમ) રાજયકક્ષાએ તા.૦૯/૧૦/૨૦૨૪ સુધીમાં મોકલવી.
- રાજયકક્ષાની બેન્ડ સ્પર્ધા સંભવિત તા.૧૮/૧૦/૨૦૨૪, શુક્રવારના રોજ અમદાવાદ ખાતે યોજીએ. જો તમામ રેન્જ/ઝોનની કુલ ૨૦ કરતાં વધુ ટીમ નક્કી થાય તો તેવા સંજોગોમાં કન્યા અને કુમાર ટીમ અથવા બ્રાસ બેન્ડ અને પાઈપ બેન્ડ ટીમ મુજબ ચકાસણીને આધારે ૨ દિવસ માટે સ્પર્ધા કરવાનું આયોજન છે.

નેશનલ સ્કુલ બેન્ડ સ્પર્ધા–૨૦૨૪–૨૫ની ગાઈડ લાઈન(માર્ગદર્શિકા)અનુસાર ઉપર મુજબ રેન્જ/ઝોન અને રાજયકક્ષાની સ્કુલ બેન્ડ કોમ્પીટીશન તથા ત્યારબાદની વેસ્ટર્ન ઝોનલના રાજયોની ઝોનલ લેવલની બેન્ડ સ્પર્ધા અને નેશનલ લેવલની બેન્ડ સ્પર્ધા તમામ માટે અમલ કરવાનો હોઈ તે માટે અંગ્રેજી ગાઈડ લાઈન તથા તેનું ગુજરાતી રૂપાંતરિત કરેલ ગાઈડ લાઈન આ સાથે સામેલ છે, જે તમામ જિલ્લાઓ વિગતે અભ્યાસ કરીને કાર્યવાહી કરવી.

(૫) યોગ્યતા : આ સ્પર્ધા તમામ કેટેગરીની શાળાઓ માટે ખુલ્લી રહેશે. રાજયો/કેન્દ્રશાસિત પ્રદેશોના શિક્ષણ

(૫.૧) આ સ્પર્ધા તમામ કેટેગરીની શાળાઓ માટે ખુલ્લી રહેશે. રાજયો/કેન્દ્રશાસિત પ્રદેશોના શિક્ષણ વિભાગો તેમના સબંધિત રાજયો/કેન્દ્રશાસિત પ્રદેશોની અંદર તમામ શાળાઓ વચ્ચે રાષ્ટ્રીય શાળા બેન્ડ સ્પર્ધાનું આયોજન કરશે. જેમાં સીબીએસઈ, આઈસીએસઈ, કેવીએસ, એનવીએસ, પીએમશ્રી અને સૈનિક શાળાઓ વગેરેની શાળાઓ સામેલ છે.

(૫.૨) કોઈપણ વ્યવસાયિક જૂથો/કલાકારોને બેન્ડ જૂથોમાં ભાગ લેવાની/તેમની સાથે જવાની મંજૂરી આપવામાં આવશે નહી.

(૬) બેન્ડ સભ્યો :

(૬.૧) દરેક બેન્ડમાં ડ્રમ મેનેજર સહિત ૨૫–૩૩ સહભાગીઓ હોવા જોઈએ.

(૬.૨) બેન્ડની સાથે વધુમાં વધુ ૦૨ એસ્કોર્ટ પણ હોઈ શકે છે. જેમાં માસ્ટર/ટ્રેનર સામેલ છે.

(૭) બેન્ડ જૂથ :

(૭.૧) બેન્ડ ગ્રુપમાં પાઈપ બેન્ડ અને બ્રાસ બેન્ડ હોવા જોઈએ.

(૭.૨) સૂચક મજબૂતાઈ નીચે મુજબ છે.

1. પાઈપ – ૧૨
2. સાઈડ ડ્રમ – ૮
3. ટેનોર ડ્રમ – ૨
4. બાસ ડ્રમ્સ – ૧
5. કંડકટર(લીડર સ્ટીક) –૧

તેવી જ રીતે બ્રાસ બેન્ડ માટે પણ આ જ સંખ્યાને અનુસરી શકાય છે.

(૮) થીમ : બેન્ડની થીમ દેશભકિતની હોવી જોઈએ.

(૯) ટયુન : દેશભકિતના ગીતો, શાસ્ત્રીય ધૂન, લોક ધૂન વગેરે પર આધારિત કોઈપણ ધૂન બેન્ડ પ્રદર્શન માટે રાષ્ટ્રીય ગીત – ધ્વનિની મંજુરી નથી.

(૧૦) બેનરો અને અન્ય કોઈ દસ્તાવેજો :

બેન્ડ જૂથોએ સ્પર્ધા દરમ્યાન કોઈપણ બેનરો છરી, ખુખરી અથવા ધ્વજ/ફલેગનો ઉપયોગ કરવો નહી.

(૧૧) બેન્ડ કોસ્ચ્યુમ : પરફોર્મન્સ માટે બેન્ડ કોસ્ચ્યુમ પહેરવો ફરજીયાત છે.

(૧૨) સમય મર્યાદા : દરેક ટીમ માટે પ્રદર્શન માટે મહત્તમ સમયમર્યાદા ૧૦–૧૫ મિનિટની રહેશે.

(૧૩) નિર્ણાયક/જયુરી :

ઝોન કક્ષા :

રેન્જ/ઝોનકક્ષાની સ્પર્ધામાં ઝોનકક્ષાની સ્પર્ધા આયોજિત જિલ્લાએ સ્વતંત્ર નિર્ણાયક/જયુરી જેમાં રાજય સશસ્ત્ર દળ, સૌગર્યાંડ, જિલ્લા સશસ્ત્ર પોલીસ અધિકારીઓને સામેલ કરવા. આ માટે રેન્જના વડાના સંકલન અને માર્ગદર્શન લેવું

રેન્જ/ઝોનકક્ષાની સ્પર્ધામાં નિર્ણાયક ટીમ/જયુરીનો નિર્ણય ખાસ કરીને કોઈપણ પ્રકારના પૂર્વગ્રહથી મુક્ત રહેવા જોઈએ. અને ખાસ કરીને હોસ્ટીંગ જિલ્લા તરફેણમાં નિર્ણય વિશે વાંધા ઉભો કરવા ભાગ લીધેલ જિલ્લાને કોઈ તક આપવામાં આવે નહી જે માટેની ખાતરી કરવી.